# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-02-2025** **MIDDAY: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

1. સંસદમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ ચર્ચા થઈ.
2. કેન્દ્રીય બજેટમાં રેલવે અંતર્ગત ગુજરાતને 17 હજાર 155 કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ હોવાનું કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું
3. દિલ્હી વિધાનસભા ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થયા- પ્રચારના અંતિમ દિવસે ઉમેદવારો, નેતાઓએ પ્રચારમાં એડીચોટીનું જોર લગાવ્યું.
4. પીએમ ઇન્ટર્નશિપ યોજના શરૂ થયા બાદ દેશભરમાંથી છ લાખથી વધુ અરજીઓ મળી.
5. મહાકુંભમાં વસંતપંચમીના અવસરે ત્રીજા અમૃત સ્નાન દરમિયાન આજે બે કરોડ 33 લાખથી વધુ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# LS-MOTION OF THANKS

રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર લોકસભામાં ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન, વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે રાષ્ટ્રપતિનું ભાષણ પાછલા વર્ષો જેવું જ હતું. બેરોજગારીનો મુદ્દો ઉઠાવતા, શ્રી ગાંધીએ કહ્યું કે દેશનું ભવિષ્ય યુવાનો પાસે છે, અને પ્રાથમિકતા આપવાના મુદ્દાઓ તેમના વિશે હોવા જોઈએ.

આ અગાઉ, ભાજપના રામવીર સિંહ બિધુડીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા કરવામાં આવેલા કાર્યો અને જન કલ્યાણકારી યોજનાઓની યાદી આપી.

# RS-MOTION OF THANKS

રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા ચાલી રહી છે. ચર્ચા શરૂ કરતા ભાજપના સાંસદ કિરણ ચૌધરીએ જણાવ્યું કે સરકારે ખેડૂતોની આવક બમણી કરવા માટે મહત્વપૂર્ણ પહેલ કરી છે. કૃષિ ક્ષેત્ર માટેના પ્રયાસો અંગે વિપક્ષ સરકાર વિરુદ્ધ ખોટો પ્રચાર કરી રહ્યું છે તેવું જણાવતા, તેમણે કહ્યું કે યુપીએ સરકારે ડૉ. સ્વામીનાથનની સમિતિની ભલામણોને કોલ્ડ સ્ટોરેજમાં રાખી હતી.

દરમિયાન, વિપક્ષના નેતા અને કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ બેરોજગારી, ચીજવસ્તુઓના ભાવમાં વધારો અને અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયાના અવમૂલ્યનનો મુદ્દો ઉઠાવ્યો. શ્રી ખડગેએ કહ્યું કે સરકારમાં વિવિધ વિભાગોમાં મોટી જગ્યાઓ ખાલી છે પરંતુ તે ભરવામાં આવતી નથી.

ચર્ચામાં હસ્તક્ષેપ કરતા, કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે વિપક્ષી નેતા ખડગે પર તાજેતરની મહાકુંભ ઘટનાનું રાજકારણ કરવાનો પણ આરોપ લગાવ્યો. દરમિયાન તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીના સાંસદ ડેરેક ઓ'બ્રાયને પણ કૃષિ, બેરોજગારી અને મહિલા અનામતના મુદ્દાઓ ઉઠાવ્યા.

## PM- STUDENT INTERACTION

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી. આ દરમિયાન, શ્રીમોદીએ કહ્યું કે આપ સરકાર બાળકોને પાસ થવાની ખાતરી ન હોય ત્યાં સુધી ધોરણ 9 થી આગળ વધતા અટકાવે છે.

શ્રીમોદીએ વધુમાં આ મુજબ જણાવ્યું..

### (બાઇટ : નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

## RAIL BUDGET

કેન્દ્રીય બજેટમાં રેલવે અંતર્ગત ગુજરાતને 17 હજાર 155 કરોડ રૂપિયાની વિક્રમી ફાળવણી કરવામાં આવી છે..

2014 પહેલા ગુજરાતને રેલવે બજેટમાં મળતી ફાળવણી કરતાં આ વખતે 29 ગણી વધુ ફાળવણી થઇ હોવાનું રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું.. કેન્દ્રીય બજેટમાં ગુજરાતને ફાળવાયેલા બજેટ અઁગેની વર્ચ્યુઅલ પત્રકાર પરિષદને સંબોધતા રેલ મંત્રી અશ્વિની વૈષણવે આ અંગેનીજાણકારી આપી હતી.

વધુ માહિતી આપતા વર્ષ 2014થી અત્યાર સુધીમાં ગુજરાતમાં બે હજાર 739 કિમીના નવા ટ્રેકનું નિર્માણ થયું છે, જે ડેન્માર્કના સમગ્ર રેલવે નેટવર્ક કરતા પણ વધારે છે. તેમજ ગુજરાતમાં વર્ષ 2014થી અત્યાર સુધીમાં ત્રણ હજાર 144 કિ.મી. એટલે કે 97 ટકા વિદ્યુતીકરણ થયું છે. 6 હજાર 303 કરોડના 87 અમૃત સ્ટેશનો વિકસાવવામાં આવી રહ્યાં હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત વર્ષ 2014થી અત્યાર સુધીમાં એક હજાર 49 રેલ ફ્લાયઓવર અને અંડર-બ્રિજનું નિર્માણ થયું છે. અને 97 લિફ્ટ, 50 એસ્કેલેટર અને 335 વાઇફાઇ સ્ટેશનો પર કામગીરી થઇ હોવાનું તેમણે જણાવ્યું હતું.

ગુજરાતમાં 15 અનોખા સ્ટોપેજ ધરાવતા 12 જિલ્લાઓને આવરી લેતા 4 વંદે ભારતનું સંચાલન પણ થઇ રહ્યુ હોવાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો..

# ASHWINI RAILWAYS BUDGET

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં રેલવે સુવિધાઓના આધુનિકીકરણ અને વિસ્તરણ માટે એક મોટું મિશન શરૂ કર્યું છે. આ માટે 13 હજાર 955 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે રેલવેએ પશ્ચિમ બંગાળમાં રૂ. 68 હજાર કરોડનું મોટું રોકાણ કર્યું છે.

તેમણે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને જમીન સંપાદન અને કાયદો અને વ્યવસ્થામાં કેન્દ્ર સરકારને સહયોગ આપવા વિનંતી કરી. રેલ્વે મંત્રીએ

કહ્યું કે પશ્ચિમ બંગાળના 101 રેલ્વે સ્ટેશનોને 'અમૃત' સ્ટેશન તરીકે વિકસાવવામાં આવશે.

## (બાઇટ : અશ્વિની વૈષ્ણવે - રેલવે મંત્રી)

# DELHI - CAMPAIGN

દિલ્હી વિધાનસભા ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. આજે પ્રચારના અંતિમ દિવસે ઉમેદવારો, વરિષ્ઠ નેતાઓએ પ્રચારમાં એડીચોટીનું જોર લગાવ્યું.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે જંગપુરામાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી. મતદારોને સંબોધતા શ્રી શાહે આરોપ લગાવ્યો હતો કે, સત્તારૂઢ AAP સરકારે દિલ્હીના લોકો સાથે દગો કર્યો છે.

દરમિયાન, આમઆદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આદર્શ નગર મતવિસ્તારમાં રોડ શો કર્યો હતો. જ્યારે દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ દેવેન્દ્ર યાદવે ચૂંટણી જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ તેના શાસન દરમિયાન લોકોના કલ્યાણ માટે કામ કર્યું છે.

ઉલ્લેખનીય છે કે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કુલ 699 ઉમેદવારો મેદાનમાં છે. 70 બેઠકોની દિલ્હી વિધાનસભા માટે બુધવારે મતદાન અને શનિવારે મતગણતરી થશે.

# EC EXIT POLLS

ચૂંટણી પંચે દિલ્હી વિધાનસભા અને ઉત્તરપ્રદેશ અને તમિલનાડુની એક-એક બેઠક માટે યોજાનારી પેટા-ચૂંટણી અને ચૂંટણી માટે એક્ઝિટ પોલ પર પ્રતિબંધ લગાવી દીધો છે. એક જાહેરનામામાં પંચે ટેલિવિઝન ચેનલ, રેડિયો કેન્દ્રો અને સમાચાર સંસ્થાઓ સહિત તમામ મીડિયા કંપનીઓને આ નિર્દેશનું કડક પાલન કરવા કહ્યું છે. આ પ્રતિબંધ મતદાન પૂર્ણ થયાના 48 કલાકના સમયગાળા દરમિયાન ઇલેક્ટ્રૉનિક મીડિયા પર પ્રસારિત કોઈ પણ જનમત સર્વેક્ષણ કે સર્વેક્ષણ પરિણામ પર પણ લાગુ રહેશે.

ઉલ્લેખનીય છે કે, દિલ્હી વિધાનસભા ચૂંટણી પાંચ ફેબ્રુઆરીએ અને મતગણતરી આઠ ફેબ્રુઆરીએ થશે.

# PM-INTERNSHIP SCHEME

**3 ઓક્ટોબર, 2024ના રોજ પીએમ ઇન્ટર્નશિપ યોજના શરૂ થયા પછી દેશભરમાંથી છ લાખથી વધુ અરજીઓ મળી છે. લોકસભામાં એક લેખિત જવાબમાં, કોર્પોરેટ બાબતોના રાજ્ય મંત્રી હર્ષ મલ્હોત્રાએ જણાવ્યું હતું કે પાયલોટ યોજના હેઠળ ભાગીદાર કંપનીઓ દ્વારા અત્યાર સુધીમાં એક લાખ 27 હજારથી વધુ ઇન્ટર્નશિપ પૂરી પાડવામાં આવતા આ યોજનાને બહોળો પ્રતિસાદ મળ્યો છે.**

**શ્રીમલ્હોત્રાએ જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં, ભાગીદાર કંપનીઓ દ્વારા 80 હજારથી વધુ ઇન્ટર્નશિપ ઓફર કરવામાં આવી હતી, જેમાંથી 28 હજારથી વધુ ઉમેદવારોએ ઓફર સ્વીકારી હતી. રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે યોજનાનો બીજો તબક્કો આ વર્ષે 9 જાન્યુઆરીથી શરૂ થયો હતો.**

# MAHAKUMBH-BASANT PANCHAMI

પ્રયાગરાજના મહાકુંભમાં વસંત પંચમીના અવસરે ત્રીજા અમૃત સ્નાન દરમિયાન આજે બે કરોડ ૩૩ લાખથી વધુ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી. અમૃત સ્નાન એ મહાકુંભ મેળાનો સૌથી મહત્વપૂર્ણ અને પવિત્ર ધાર્મિક વિધિ છે. પહેલા બે અમૃત સ્નાન મકરસંક્રાંતિ અને મૌની અમાવસ્યાના રોજ થયા હતા.

# BCCI CASH REWARD

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ-BCCI એ સતત બીજા અંડર-19 ICC મહિલા T20 વિશ્વકપ જીતનાર ભારતીય ટીમ માટે 5 કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વર્ષ 2023માં શેફાલી વર્માનાં નેતૃત્વમાં, જ્યારે હાલમાં નીકી પ્રસાદના નેતૃત્વમાં આ વિજય મેળવ્યો છે.

# NATIONAL GAMES 2025

દેહરાદૂન ખાતે 38મી રાષ્ટ્રીય રમતોમાં પંજાબની સિફત કૌર સમરાએ મહિલાઓની 50 મીટર ૩ પોઝિશનમાં ગોલ્ડ મેડલ જીત્યો. પુરુષોની 10 મીટર પિસ્તોલ ઇવેન્ટમાં, કર્ણાટકના જોનાથન એન્થોનીએ પણ ગોલ્ડ મેડલ જીત્યો. 'સર્વિસિસ' હાલમાં રાષ્ટ્રીય રમતોના મેડલ ટેબલમાં આગળ છે. કર્ણાટક બીજા અને મહારાષ્ટ્ર ત્રીજા સ્થાને છે.

# KARNATAKA ISRO NVS 02

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ઇસરોએ જણાવ્યું કે, NVS-02 અવકાશયાનને કક્ષામાં સ્થાપિત કરતા સમયે ગઈકાલે એક ટેક્નિકલ ખામીનો સામનો કરવો પડ્યો હતો. અવકાશ સંસ્થાએ સોશિયલ મીડિયાના સંદેશમાં જણાવ્યું કે, ઉપગ્રહના થ્રસ્ટરમાં ઑક્સીડાઈઝર પહોંચાડતો વાલ્વ ન ખૂલી શકતા તેને નિશ્ચિત કક્ષામાં સ્થાપિત ન કરી શકાયું.

ઈસરોએ જણાવ્યું, માસ્ટર કન્ટ્રૉલ ફૅસિલિટી કર્ણાટકના હાસનમાં ઉપગ્રહ ઉપર નજર રાખી રહી છે. ઉપગ્રહ પ્રણાલિ સ્વસ્થ છે અને ઉપગ્રહ વર્તમાનમાં અંડાકાર કક્ષામાં પૃથ્વીની પરિક્રમા કરી રહ્યો છે. અંડાકાર કક્ષામાં નૅવિગેશન માટે ઉપગ્રહનો ઉપયોગ કરવા માટે વૈકલ્પિક મિશન વ્યૂહરચના પર કામ ચાલી રહ્યું છે. ઉપગ્રહ પર લાગેલા સૌર પૅનલ સફળતાપૂર્ણ રીતે મૂકાયા, પરંતુ વીજ ઉત્પાદન નામ પૂરતું જ રહ્યું. NVS-02 અવકાશયાનને GSLV F-ફિફ્ટિન્થ રૉકેટથી 29 જાન્યુઆરીએ જીટીઓમાં સ્થાપિત કરાયું હતું.